| PUBLICATION NAME : | Suryakaal |
| --- | --- |
| EDITION : | Ahmedabad |
| DATE : | 29/06/2023 |
| PAGE : | 2 |

# ઈડીઆઈઆઈએ આંતરરાષ્ટ્રીય એમએસએમઈ દિવસની ઊજવણી કરી

અમદાવાદ, ગુરુવાર



આંત્રપ્રિન્યોર ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)એ મંગળવારે તેના કેમ્પસમાં આંતરરાષ્ટ્રીય એમએસએમઈ દિવસની ઊજવણી કરી હતી. આ ઊજવણીએ ભારતના આર્થિક વિકાસમાં એમએસએમઈના મહત્વને દર્શાવ્યું હતું. તેણે એમએસએમઈના વિકાસ અને ટકાઉપણા સંબંધિત મુદ્દાઓ અને તેના ઉકેલ માટે અમલમાં મૂકી શકાય તેવા સોલ્યુશન્સ પર ચર્ચા પણ કરી હતી.

શ્રી બી એમ પ્રજાપતિ, આઈએએસ, અધિક ઉદ્યોગ કમિશનર (વિસ્તરણ), ઈન્ડસ્ટ્રીઝ કમિશનરેટ, ગુજરાત સરકાર આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં અન્ય પ્રતિષ્ઠિત મહેમાનોમાં શ્રી શૈલેષ પટવારી, ભૂતપૂર્વ પ્રમુખ, જીસીસીઆઈ અને ડિરેક્ટર, નેક્સસ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ અને શ્રી આકાશ પવાર, ડેપ્યુટી જનરલ મેનેજર ઈન્ચાર્જ, સીડબી, અમદાવાદ સમાવિષ્ટ હતા. શ્રી ડી.એમ. જાડેજા, ડેપ્યુટી કમિશનર ઓફ ઈન્ડસ્ટ્રીઝ, એમએસએમઈ કમિશનરેટ, ગુજરાત સરકારે એમએસએમઈ સેક્ટરના વિકાસ માટે સરકારની વિવિધ પહેલ વિશે માહિતી શેર કરી હતી.

ઈડીઆઈઆઈના ડિરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લાએ તેમની શરૂઆતની ટિપ્પણીમાં જણાવ્યું હતું કે સમગ્ર ઉદ્યોગસાહસિક ચળવળનું નેતૃત્વ એમએસએમઈ દ્વારા કરવામાં આવે છે. આ સેક્ટરનો ફાળો ઘણો મોટો છે. એમએસએમઈ બેરોજગારી, ગરીબી અને વિવિધ અસમાનતાના મુદ્દાઓને સંબોધીને પ્રાદેશિક સંતુલન જાળવવામાં મદદ કરે છે. ઉદ્યોગો, નીતિ ઘડનારાઓ અને સંસ્થાઓએ એમએસએમઈ વૃદ્ધિ માટે અનુકૂળ ઈકોસિસ્ટમ ઊભી કરવા માટે હાથ મિલાવવો પડશે. ઈડીઆઈઆઈ આ ક્ષેત્રના ઉત્થાન અને તેના વિકાસને વેગ આપવા રાજ્ય અને કેન્દ્ર સરકાર સાથે મળીને કામ કરી રહી છે.

શ્રી બી. એમ. પ્રજાપતિ, આઈએએસ, અધિક ઉદ્યોગ કમિશનર (વિસ્તરણ), ઈન્ડસ્ટ્રીઝ કમિશનરેટ, ગુજરાત સરકારે જણાવ્યુ હતું કે એમએસએમઈ ક્ષેત્રમાં હસ્તક્ષેપ માટે ઘણો અવકાશ છે, જે આપણા અર્થતંત્રની કરોડરજ્જુ છે. યુવાનોની બેરોજગારીની સમસ્યાના ઉકેલ માટે એમએસએમઈ સેક્ટરને મજબૂત કરવાની જરૂર છે. કોવિડ દરમિયાન એમએસએમઈને સૌથી વધુ નુકસાન થયું. તેથી સેક્ટરને મજબૂત કરવા અને એમએસએમઈની સંભવિતતામાં આપણા યુવાનોનો વિશ્વાસ પુનઃસ્થાપિત કરવા માટે ઘણા ક્ષેત્રો પર કામ કરવાની જરૂર છે.